# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-01-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) લોકોની રજૂઆતોના જિલ્લાસ્તરે ઝડપી નિવારણ માટેની વ્યવસ્થા વિકસાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની તમામ જિલ્લાના કલેક્ટરને તાકીદ

2) રાજકોટ VGRCમાં પાંચ લાખ 78 હજાર કરોડના રોકાણ અને પાંચ હજારથી વધુ પરિયોજના માટે સમજૂતી કરાર થયા

3) મુખ્યમંત્રીના હસ્તે ભાવનગરમાં 156 કરોડથી વધુના કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

4) રાજ્યમાં આગામી 24 કલાકમાં ઠંડી ઘટવાની આગાહી

5) બેંગ્લુરુમાં રમાઈ રહેલી વિજય હઝારે ક્રિકેટની સેમિ-ફાઈનલમાં પંજાબે સૌરાષ્ટ્રને જીતવા 292 રનનો લક્ષ્યાંક આપ્યો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# COLLECTORS CONFERENCE GNR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોની રજૂઆતોના જિલ્લાસ્તરે ઝડપી અને પ્રામાણિક નિવારણ માટેની વ્યવસ્થા વિકસાવવા તમામ જિલ્લાના કલેક્ટરને તાકીદ કરી છે. ગાંધીનગરમાં કલેક્ટર પરિષદમાં શ્રી પટેલે કલેક્ટર્સને સ્થળ મુલાકાતને પ્રાથમિકતા આપી સરકારની યોજનાઓના અસરકારક અમલીકરણનું નિરીક્ષણ કરવા કહ્યું છે.

શ્રી પટેલે ઇમાનદારી , સત્યનિષ્ઠા, સર્વકાર્યક્ષમતા અને અસરકારકતાના આધારે સમગ્ર જિલ્લાની કામગીરી કરવા પણ આહ્વાન કર્યું. ઉપરાંત તેમણે સરકાર કલેક્ટર્સ સાથે હોવાની ખાતરી પણ આપી છે. તેમણે કોઈ પણ ડર વિના સારા કામ માટે જિલ્લા ટુકડીનું નેતૃત્વ કરવા કલેક્ટરને સૂચના આપી છે.

ઉલ્લેખનીય છે કે , આ એક દિવસની પરિષદમાં ખાસ કરીને i-ORA / E-Dhara, i-RCMS, DCLR/ALTના પડતર કેસની સમીક્ષા અને આરોગ્ય વિભાગ સંબંધિત મુદ્દાઓના ચર્ચા અને મંથન કરાયું.

. . . . .

# GUJ BUDGET SESSION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિધાનસભાના આઠ-મા સત્રનું આહ્વાન કરતાં કહ્યુ કે, આગામી અંદાજપત્ર સત્ર 16 ફેબ્રુઆરીથી શરૂ થશે. આ અંગે માહિતી આપતા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું , સત્રમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સંબોધન કરશે. જ્યારે 17 ફેબ્રુઆરીએ નાણામંત્રી કનુ દેસાઈ ગૃહમાં અંદાજપત્ર રજૂ કરશે. 23 દિવસના સત્રમાં 26 બેઠક યોજાશે.

. . . .

# VGRC KUTCH SAURASHTRA MoUs

રાજકોટમાં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCમાં પાંચ લાખ 78 હજાર કરોડ રૂપિયાના રોકાણ અને પાંચ હજાર 492 પરિયોજના માટે સમજૂતી કરાર – MoU થયા. જ્યારે ચાર લાખ 55 હજાર 65 કરોડ રૂપિયાના રોકાણ માટે સૌથી વધુ MoU ઉર્જા, તેલ અને ગેસ ક્ષેત્રમાં થયા છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ અંગે કહ્યું , VGRCCમાં સૌથી વધુ એક લાખ 25 હજાર કરોડ રૂપિયાના 458 પરિયોજનાના કરાર કચ્છમાં કરાયા છે. આ કરારથી રાજ્યમાં છ લાખ 26 હજારથી વધુ રોજગારીની નવી તકનું સર્જન થશે.

(BYTE: JITU VAGHANI – CABINET MINISTER) VGRC MoU

. .

# SOMNATH SWABHIMAN PARVA

સમગ્ર દેશમાં આગામી એક વર્ષ સુધી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ નિર્ણય અંગે ગાંધીનગરમાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા થઈ.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ અંગે કહ્યું , આ પર્વથી સોમનાથના શૌર્ય અને સાંસ્કૃતિક ગૌરવનો સંદેશ દેશના ખૂણે-ખૂણે પહોંચશે. સમગ્ર વર્ષ દરમિયાન રાજ્યમાં ભક્તિમય અને દેશભક્તિનું વાતાવરણ જળવાય તે માટે સરકાર કટિબદ્ધ છે. બેઠકમાં પ્રધાનમંત્રીના તાજેતરના ત્રણ દિવસના રાજ્ય પ્રવાસની સફળતા અંગે પણ ચર્ચા થઈ.

. .

# CM BHAVNAGAR PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને ગુણવત્તાયુક્ત કામ કરવા સૂચના આપી છે. તેમજ પડતર કામ પૂરા કરવાની પણ ખાતરી આપી. ભાવનગરમાં મહાનગરપાલિકાના 156 કરોડ રૂપિયાથી વધુના 23 જેટલા વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા તેમણે આ વાત કહી. શ્રી પટેલે શહેરી વિકાસ વર્ષમાં વધુ સારી સેવાઓ , નાગરિકોને સાંકળી લે તેવા સુશાસન , જોડાણ, ટકાઉ શહેરી આયોજન જેવા વિષયને શહેરના વિકાસની વ્યૂહરચનામાં આવરી લેવા ભાવનગર મહાનગરપાલિકાને અભિનંદન પાઠવ્યા છે.

(BYTE: BHUPENDRA PATEL – CM)

ત્યારબાદ શ્રી પટેલે જવાહર મેદાનમાં નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય શિબિરની મુલાકાત લીધી.. તેઓ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર વિશ્વ-વિદ્યાલયના પરિસરમાં આવેલા અટલ સભાગૃહમાં ક્ષત્રિય સમાજ દ્વારા યોજાયેલા અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.   વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...............

# START UP GUJARAT RANK

રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ક્રમાંકમાં ગુજરાત પાંચમી વખત "બેસ્ટ પરફોર્મર સ્ટેટ " બન્યું છે. રાજ્ય મંત્રીમંડળની આ બેઠકમાં થયેલી ચર્ચા અંગે પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાતે આ સિદ્ધિ મેળવી છે. તે બદલ મુખ્યમંત્રી સહિત સમગ્ર મંત્રીમંડળે રાજ્યના ઉદ્યોગ સાહસિકો તથા વહીવટી તંત્રને અભિનંદન આપ્યા છે.

અગાઉ પણ ગુજરાતને ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગ – DPIIT દ્વારા આયોજિત સ્ટેટ સ્ટાર્ટ-અપ રેન્કિંગમાં વર્ષ 2018-19-20 અને 2022 માટે એમ કુલ ચાર વાર "બેસ્ટ પરફોર્મર સ્ટેટ" તરીકે માન્યતા મળી છે.

. . . . .

# TAPI LOK DARBAR

તાપીમાં સુરત રેન્જ આઇજીપીએ યોજેલા લોકદરબારમાં લોકોએ સાયબર ગુનાઓને લગતાં વિવિધ મુદ્દાઓ અંગે રજૂઆત કરી. જ્યારે ટ્રાફિક બ્રિગેડના જવાનોએ ટ્રાફિક અંગે જાગૃતિ લાવવા નાટક રજૂ કર્યું. સુરત રેન્જ આઇજીપી પ્રેમવીર સિંહએ આ અંગે માહિતી આપી.

બાઈટ પ્રેમવીર સિંહ ( આઇજીપી, સુરત રેન્જ)

. . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 24 કલાકમાં પવનની દિશા બદલાતા ઠંડીમાં ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગના નિદેશક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું , આ સમયગાળામાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની શક્યતા છે.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

દરમિયાન ગત 24 કલાકમાં રાજ્યમાં આઠ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે જુનાગઢનું કેશોદ સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે કચ્છના નલિયા , કંડલા વિમાનમથક અને અમરેલીમાં નવ-નવ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. આ સિવાયના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનનો પારો 10 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યો છે.

. . . . . . . . .

# MAHARASTRA BMC

આજે જાહેર કરાયેલા મહારાષ્ટ્ર બૃહદ મુંબઈ મહાનગરપાલિકા BMCની ચૂંટણીના પરિણામમાં ભાજપની જીત થતાં ગાંધીનગરમાં ભાજપના પ્રદેશ કાર્યલય કમલમ્ ખાતે ઢોલ નગારા સાથે ઉજવણી થઈ. તેમાં શહેર પ્રમુખ , મહાનગરપાલિકા મેયર, સ્થાયી સમિતિના અધ્યક્ષ સહિતના કાર્યકરો જોડાયા હતા.

ભાજપના પ્રવકતા ડો. અનિલ પટેલે આ જીતને વર્ષ 2047ના પ્રાધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પની જીત ગણાવી હતી.

. . . . . . .

# NAVASARI MUNICIPAL CORPORATION

નવસારી મહાનગરપાલિકાએ 112 કરોડ રૂપિયાનો પાણી પુરવઠા અને ડ્રેનેજ પ્રોજેક્ટ અમલી થવાથી પાણી અને ડ્રેનેજ નેટવર્કમાં 25 હજારથી વધુ લોકોને લાભ થશે આ પ્રોજેક્ટ હેઠળ , મહાનગરપાલિકા દ્વારા તબક્કાવાર નવી પાણી અને ડ્રેનેજ પાઇપલાઇન, ઓવરહેડ ટાંકી અને અંડરગ્રાઉન્ડ સંપ , ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન, સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નવો વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવી આધુનિક માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવશે.

નવસારી મહાનગરપાલિકાના કમિશનર દેવ ચૌધરીએ આ પ્રોજેક્ટ અંગે જણાવ્યું કે , શહેરથી જોડાયેલા ચાર ગામોમાં આ યોજના સાથે પહેલા ચરણમાં વૉટર સપ્લાયનું કામ કરવામાં આવશે.

. . . . .

# EVE VIJAY HAZARE CRICKET

ક્રિકેટની વિજય હઝારે ટ્રોફી સ્પર્ધામાં આજે સૌરાષ્ટ્ર અને પંજાબની ટીમ વચ્ચે સેમિ-ફાઈનલનો બીજો મુકાબલો થઈ રહ્યો છે. બેંગ્લુરુમાં રમાઈ રહેલી મૅચમાં પંજાબની ટીમે પહેલે બેટિંગ કરી નિર્ધારિત 50 ઑવરમાં 291 રન કર્યા છે. ટીમ તરફથી સૌથી વધુ 100 રન અણમોલપ્રીત સિંઘે બનાવ્યા. જ્યારે સુકાની પ્રભસિમરન સિંઘે 87 અને રમણદીપ સિંઘે 42 રનનું યોગદાન આપ્યું હતું. તો , સૌરાષ્ટ્ર તરફથી ચેતન સાકરિયાએ ચાર અને અંકુર પંવાર તથા ચિરાગ જાનીએ બે-બે વિકેટ લીધી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ , હાર્વિક દેસાઈની આગેવાની હેઠળની સૌરાષ્ટ્રની ટીમે 13 ઑવરમાં વિના વિકેટ ગુમાવી 107 રન કર્યા છે.

આજે વિજયી થનારી ટીમ આ રવિવારે વિદર્ભની ટીમ સાથે ફાઈનલનો મુકાબલો રમશે.

. . . .